# બ્રહ્મવૈવર્ત પુરાણમાં રાધા-કૃષ્ણ તત્ત્વ વિચાર

ડૉ. શીતલ એમ. ચૌધરી

## રાધા-કૃષ્ણ તત્ત્વ વિચાર

*વિષ્ણુપુરાણમાં શ્રીકૃષ્ણચરિત્ર ભાગવતની માફક કેવળ શ્રીકૃષ્ણના ચરિત્ર સાથે સંકળાયેલી છે પરંતુ બ્રહ્મવૈવર્ત પુરાણમાં શ્રીકૃષ્ણ ચરિત્રને રાધા ચરિત્ર સાથે સાંકળી લેવામાં આવ્યું છે. અહીં આધ્યાત્મિક દષ્ટિ જોતાં દાર્શનિક પરંપરામાં રાધા તત્ત્વ વિશે વિશેષ દષ્ટિકોણ અપનાવામાં આવ્યો છે. બ્રહ્મવૈવર્ત પુરાણમાં પ્રકૃતિખંડમાં શ્રીકૃષ્ણ અને રાધાના વૃન્દાવનમાં અવતરણ વિશે પ્રશ્ન કરતાં આ પ્રસંગનું કથાસૂત્ર ગોલોકમાં રાધામંડપ, શ્રીકૃષ્ણ અને વિરજાના પ્રસંગને સાંકળી લઈ શ્રીદામા અને રાધાના કલહ અને રાધા અને શ્રીદામાના પરસ્પર શાપનો વૃત્તાંત આપવામાં આવ્યો છે.[1] શ્રી હરિએ શ્રીદામાને આશ્વાસન આપ્યું છે.[2] રાધા મંદિરનું ગોલોક સાથે સુંદર વર્ણન આપવામાં આવ્યું છે. આ પછી શ્રીકૃષ્ણ જન્મખંડમાં શ્રીકૃષ્ણનું ચરિત્ર અ. સત્તાવી 2-1 સુધી આલેખવામાં આવ્યું રાસક્રીડાના પ્રસંગ પછી રાધા અને અષ્ટાવક્રનો વૃતાંત શ્રીકૃષ્ણ અને રાધાના સંવાદ સાથે બીજા અનેક પ્રસંગો જોડી દેવામાં આવ્યા છે. રાધા માધવના રાસનું વર્ણન અ.52 માં આપવામાં આવ્યું છે. આમ પ્રથમ ખંડમાં 54 અધ્યાયમાં ગોલોકમાં રાધા શ્રીકૃષ્ણની પ્રિય સખી આહ્લાદિની ગણાવાઈ છે. દાર્શનિક દષ્ટિએ જોતાં ગોલોકનું વર્ણન શ્રીકૃષ્ણ અને રાધાનું આલેખન સગુણ બ્રહ્મ અને તેની આહ્લાદિની શક્તિનું આલેખન છે.*

*શ્રીકૃષ્ણ જન્મખંડ ના ઉત્તરાર્ધમાં શ્રીકૃષ્ણના મથુરાગમન સાથે રાધાને જોડી દઈ વૃન્દાવનમાં રાધાનો વૃતાંત અ. 67 અને 68 માં આલેખ્યો છે. અહીં આધ્યાત્મિક યોગનું કથન અ. 67 માં એક દાર્શનિક વિચાર ધારા રજૂ કરે છે. રાધા રાસેશ્વરી છે અને શ્રીકૃષ્ણ રાસેશ્વર છે. રાધાએ શ્રીકૃષ્ણને કહ્યું, 'કે તમારી સાથે હું પ્રફુલ્લિત હોઉં છું. તમારા વગર મૃત મ્લાન બની જાઉં છું.'* प्रफुल्लाऽहं त्वया नाथ मता म्लाना च त्वां विना ।[3] *જેવી રીતે અમાસે ચંદ્રની કલાની સ્થિતિ હોય તેમ રાધાની શ્રીકૃષ્ણ વગર સ્થિતિ થાય છે. અહીં માલોપમાની પોતાની સ્થિતિ નું રાધાએ આલેખન કર્યુ છે. વ્રજરાજ શ્રીકૃષ્ણ સાથે રાધા વધુ પ્રફુલ્લિત હોય છે. તે કહે છે કે શ્રીકૃષ્ણ વૃન્દાવનના વૃક્ષોની શોભા છે અને શ્રીકૃષ્ણ રાધાની ગતિ છે.[4] અહીં આધ્યાત્મિક યોગ રાધાને સમજાવ્યો છે. જે નારદને નારાયણે કહ્યો છે. આ આધ્યાત્મિક યોગ રધિકેશ્વર શ્રીકૃષ્ણે ગોલોકમાં ત્રિપુરારિને કહ્યો હતો અને પછીના કલ્પમાં બ્રહ્માએ તપ કરતાં શ્રીકૃષ્ણે તેમને આ યોગ બતાવ્યો હતો. સનત્કુમાર, કપિલ, સૂર્ય, પ્રહ્લાદ, દુર્વાસા અને ભૃગુ ને પણ આ યોગ કહેવાયો હતો. આ આધ્યાત્મિક યોગ બતાવતાં શ્રીકૃષ્ણ કહે છે કે, 'હું સર્વનો અંતરાત્મા છું. બધાં કર્મોમાં નિર્લિપ્ત છું. બધામાં રહેલો છું અને સર્વત્ર અદષ્ટ છું.'*

**अहं सर्वान्तरात्मा च निर्लिप्तः सर्वकर्मसु ।**

**विद्यमानश्च सर्वेषु सर्वत्राद्दष्ट एव च ॥**[5]

*જે રીતે બધે જ બધી વસ્તુઓ વાયુ વહે છે તેમ સાક્ષીરૂપે બધા કર્મોમાં લેપાયા વગરના શ્રીકૃષ્ણ પરમતત્વ રૂપે રહેલા છે.*

**वायुश्चरति सर्वत्र यथैव सर्ववस्तुषु ।**

**न च लिप्तस्तथैवाहं साक्षी च सर्वकर्मणाम् ॥**[6]

*જીવ બધાં પ્રાણીઓમાં શ્રીકૃષ્ણનું પ્રતિબિંબ છે. જે જે શુભ અને અશુભ કર્મોનો ભોક્તા અને કર્તા છે.*[7]

**जीवो मत्प्रतिबिम्बश्च सर्वत्र सर्वजीविषु ।**

**भोक्ता शुभाशुभानां च कर्ता च कर्मणां सदा ॥**[8]

જે રીતે પાણી ભરેલા ઘડામાં ચંદ્ર ને સૂર્યનું પ્રતિબિંધ દેખાય અને ઘટો ફૂટી જતાં તે પ્રતિબિંબ નષ્ટ થાય તે રીતે જીવ જીવતા અને મૃત્યુ પામતાં જોડાયેલો છે. શ્રીકૃષ્ણ પરમાત્માના આધાર અને આધેય છે કારણ વગરનું કાર્ય છે. કારણ કે બીજા બધા દ્રવ્યો નશ્વર છે. દેવો શ્રીકૃષ્ણના અંશ અને કલારૂપ છે તો કેટલાક અંશના અંશ છે તો કેટલાક પ્રકૃતિ પણ પરમાત્માનો અંશ છે.

**केचित्कला: कलाशांशास्तदंशांशाश्च केचन ।**

**मदंशा प्रकृति: सूक्ष्मा सा च मूर्त्या च पञ्चधा ॥[9]**

સરસ્વતી, કમલા, દુર્ગા, રાધા અને બધા દેવો પ્રકૃતિનાં જ સ્વરૂપો છે. પ્રકૃતિથી જન્મેલા છે અને પ્રાકૃત પ્રલયમાં તે બધાંનો નાશ થાય છે.

**सरस्वती च कमला दुर्गा त्वं चापि वेदसू: ।**

**सर्वे देवा: प्राकृतिका यावन्तो मूर्तिधारिण: ॥[10]**

**अहमात्मा नित्यदेही भक्तध्यानानुरोधत: ।**

**ये ये प्राकृतिका राधे ते नष्टा: प्राकृते लये ॥[11]**

શ્રીકૃષ્ણ બધાનો આત્મા છે અને ભક્તોના ધ્યાનના અનુરોધથી તે નિત્ય દેહ ધારણ કરે છે. રાધા અને માધવ વચ્ચે કોઈ ભેદ નથી. જેવી રીતે દૂધ અને તેની ધવલતા જુદાં નથી તેમ રાધા માધવ વચ્ચે કોઈ ભેદ નથી.

**यथाऽहं च तथा त्वं च यथा धावल्यदुग्धयो: ॥[12]**

**भेद: कदाऽपि न भवेन्निश्चितं च तथाऽऽवयो: । ॥[13]**

શ્રીકૃષ્ણ પોતે સૃષ્ટિમાં મહાવિરાટ્ છે અને આખું વિશ્વ તેમના રોમકૂપમાં છુપાયેલું છે રાધા તેમાં મહતી રૂપે રહેલી છે.

**अहं महान्विराट् सृष्टौ विश्वानि यस्य लोमसु ॥**

**अंशस्त्व तत्र महती स्वांशेन तस्य कामिनी ।[14]**

શ્રીકૃષ્ણ પોતે ક્ષુદ્ર અને વિરાટ્ છે. તેમના નાભિ કમળમાંથી સૃષ્ટિની ઉત્પત્તિ થાય છે. બ્રહ્માંડ વિષ્ણુ, શિવ વગેરે દેવો પણ શ્રીકૃષ્ણના અંશ અને કલા છે. વૈકુંઠમાં વિષ્ણુ ચતુર્ભુજ છે. વિષ્ણુ અને મહાલક્ષ્મી શ્રીકૃષ્ણ અને રાધાના સ્વરૂપો છે. રાધા પોતાના બ્રહ્માની સાવિત્રી શિવલોકની શિવા, મૂળ પ્રકૃતિ છે. પાર્વતી, દુર્ગા, દક્ષકન્યા, લક્ષ્મી, ધાત્રી વગેરે બધાં રાધાનાં સ્વરૂપો છે. વિરજાના તટે વિરજા અને વૃન્દાવનમાં વૃન્દા પણ રાધા છે. અગ્નિ અને સ્વાહા શ્રીકૃષ્ણ અને રાધાનાં સ્વરૂપો છે. જગતના સ્ત્રી અને પુરુષ રાધા માધવનાં રૂપો છે.

- **अहं च कलया वह्निस्तव स्वाहा दाहिका प्रिया ॥[15]**

રાધાથી શ્રીકૃષ્ણ સમર્થ હોવાનું જણાવે છે. त्वया समर्थोऽहं । રાધાથી તે સુંદર અને મનોહર છે. ધર્મ કૃત્ય ધર્મ ક્રિયા વગર ન થાય તેમ શ્રીકૃષ્ણ પણ રાધાથી જ સર્વશક્તિમાન છે. જેવી રીતે કુંભાર માટી વગર ઘડો ન કરી શકે તેમ રાધા વગર કૃષ્ણ સૃષ્ટિનું સર્જન કરી શકે તેમ નથી.

**यथा नालं कुलालश्र्व घटं कर्तुं मृदा विना ॥[16]**

તુષ્ટિ, પુષ્ટિ, ક્ષમા, લજ્જા, ક્ષુધા, દયા, નિદ્રા, તંદ્રા, મૂર્છા, નમસ્કાર ક્રિયા, મૂર્તિરૂપ ભક્તિ રૂપા દેહધારીઓના દેહરૂપે રાધા રહેલી છે. અને રાધા શ્રીકૃષ્ણનો આધાર છે. બંને વચ્ચેનો એકીભાવ આધ્યાત્મ યોગમાં નિરૂપવામાં આવ્યો છે.

**मूर्तिरूपा भकितरूपा देहिनां देहरूपिणी ।**

**ममाऽऽधारा सदा त्वं च तवाऽत्माऽहं परस्परम् ॥[17]**

આ પછી રાધા રાસેશ્વરી હોવાથી તેને રાસક્રીડા કરી કારણ કે રાધા રાસની અધિષ્ઠાત્રી દેવી છે.[18] શ્રીકૃષ્ણ નંદની પ્રાર્થનાથી અભીષ્ટ વરદાન આપ્યું અને તેમને પણ અધ્યાત્મ યોગ સમજાવતાં રાધા તત્વની સમજ આપવામાં આવી છે.[19] રાધા અને ઉધ્ધવના સંવાદમાં રાધાને ઉધ્ધવે સંસાર સાગર પાર ઉતારવાની યાચના કરતાં રાધાએ ઉધ્ધવને સંસાર પાર ઉતરવાનો ઉપાય ઉપદેશરૂપે કરેલો છે. શ્રીકૃષ્ણ કાલના કાળ છે. તેના ભયથી સૂર્ય તપે છે. ઈન્દ્ર વરસે છે. અગ્નિ બાળે છે મૃત્યુ પ્રાણીઓમાં વસે છે. વૃક્ષો ફળ આપે છે. વૃક્ષોને ફૂલ આવે છે. સમુદ્ર, ગ્રહો, મુનિઓ, સ્વાધીન સ્વતંત્ર આત્મસંજ્ઞક છે.[20]

**कालस्य कालः संहर्तुं संहर्ता स्त्रष्टुरीश्वरः ।**

**स्वाधीनश्च स्वतन्त्रश्व स्वयमेवाऽऽत्मसंज्ञकः ॥[21]**

ઉધ્ધવે રાધાને જણાવ્યું પ્રાણી એકલો સંસારમાં આવે છે. એકલો જાય છે. કર્મના યોગને કારણે કર્મના ફળ ભોગવે છે. કર્મથી જ જન્મે છે. કર્મથી જ નાશ પામે છે. સુખ, દુઃખ, ભય, કર્મથી જ પામે છે. અને કર્મ ભોગવવાને કારણે જ આવે છે અને જાય છે. ભવસાગર તરવા માટે નૌકા જરૂરી છે. અને શ્રીકૃષ્ણ તેના કર્ણોધ્ધાર છે અને બધાને પાર ઉતારનારા છે.

**भवाब्धितारणे देवि भवती तरणिर्वरा ।**

**कर्णधारः स्वयं कृष्णः सर्वेषां पारकारकः ॥[22]**

અહીં, કર્મ અને પુનર્જન્મનો સિદ્ધાંત રજૂ કરવામાં આવ્યો છે તે માટે ઉદ્ધવે રાધાને પ્રાર્થના કરી ગોલોકના રાસમંડળમાં વૈકુંઠ અને બ્રહ્મલોકમાં રહેલી ની ગતિનો ખ્યાલ આપી જણાવ્યું કે કાલગતિને પાર કરવી ગણી મુશ્કેલ છે. નિર્ગુણ નિરીહ, પરમાત્મા ઈશ્વર જગત્ ગુરુને તે માટે ભજવા જોઈએ તેમના સેવનથી કાલગતિને તરી શકાય છે.

**तं निषेव्य कालगतिं तरत्येव हि केवलम् ।[23]**

શ્રીહરિના ભક્તો સિવાય અને સજ્જનો સિવાય બધાનું આયુષ્ય સૂર્ય હરી લે છે. અને આ સાથે સનક, સનંદન, સનત્કુમાર, માર્કણ્ડીય, પંચશિખ, અશ્વત્થામા વગેરે હરિભક્તો નાં ઉદાહરણો આપી અને બતાવવામાં આવ્યું છે કે આ લોકો પરમાત્માના શરણને કારણે કાલગતિ ને પાર ઊતરી ચૂક્યા છે. કાલગતિને સમજાવતાં કહ્યું છે કે પરમાત્માના રોમકૂપમાં સમગ્ર સૃષ્ટિ સમાયેલી છે. બધામાં સૂક્ષ્મમાં સૂક્ષ્મ પરમાણુ છે. પરમાણુથી કાલનો આરંભ થાય છે. પરમાણુ સર્વ સ્વરૂપ તર્કથી ન પામી શકાય તેવો વિશેષ અંતે જોડાયા વગરનો રહેનાર છે.[24]

બે પરમાણુ મળીને દ્વયણૂક અને ત્રણ અણુ મળીને ત્રસરેણુ, ત્રણ ત્રસરેણુ મળીને એક ત્રુટિ, સો ત્રુટિ મળીને એક વેદ, ત્રણ વેદ મળીને એક લવ, ત્રણ લવ મળીને એક નિમેષ, ત્રણ નિમેષ મળીને એક ક્ષણ, પાંચ ક્ષણની એક કાષ્ઠા, દશ કાષ્ઠાનો એક લવ થાય લવનો એક દંડ થાય છે. દંડનું એક મુહૂર્ત અને સાત દંડની એક તિથિ તેનો આઠમો ભાગ પ્રહર, ચાર પ્રહરનો દિવસ એ ક્રમે ચાર પ્રહરની રાત, અઠવાડિયું, પખવાડિયું, સૃષ્ટિમાં ઋતુ, વર્ષ વગેરે થાય છે અને કાલમાનને નક્ષત્ર સાથે સાંકળીને સમજાવીને નક્ષત્રો, યોગ, વંશ, મન્વન્તર એ ક્રમે કાલગતિની માહિતી આપતાં સત્યુગ, ત્રેતા, દ્વાપર, કળિયુગ, ચાર યુગો અને ચાર યુગોના પ્રમાણ આપવામાં આવ્યાં છે. આમ, કાલગતિને સમજાવામાં આવી છે. ત્યાર પછી રાધા ઉદ્ધવને શ્રીકૃષ્ણ સાથે મથુરા ગમન માટે વિદાય આપતાં કહે છે, 'તું પ્રયત્ન પૂર્વક શ્રીકૃષ્ણની સેવા કરજે.'

**तस्मादुद्धव यत्नेन भज कृष्णं परात्परम् ।**

**निर्गुणं च निरीहं च परमात्मानरवरम् ॥[25]**

આ પ્રસંગે શ્રીકૃષ્ણના હજારનામોનો પણ નિર્દેશ કરે છે. તેનાથી શ્રીકૃષ્ણની ભક્તિ અને દાસ્ય પ્રાપ્ત થાય છે.

**वेदे कौथुमिशाखायां तस्य नाम्नां सहस्त्रकम् ।**

**नन्दनन्दनामोकतं कृतौ विदनं सुदुर्लमम् ॥[26]**

ઉધ્ધવને ભાગવતની રાસલીલામાં સ્થાન મળ્યું નથી પરંતુ, અહીં નિરીહ આકાશવાણી દ્વારા કહેવામાં આવ્યું છે. વારાહ કલ્પમાં ભારતવર્ષ માટે વૃન્દાવનમાં રાસોત્સવ પ્રસંગે રાધા-માધવનું દર્શન તે ચોક્કસ કરી શકશે.

**रासोत्सवे महारम्ये तत्रैव रासमण्डले ।**

**द्रक्ष्यसीति च देवानां मध्ये सुस्प्ते न संशयः ।।27**

*શ્રીકૃષ્ણ જન્મખંડમના બીજા ભાગમાં અ.111 માં રાધા અને યશોદાનો સંવાદ અને રાધાનો યશોદાને ઉપદેશ આપવામાં આવ્યો છે. યશોદાએ જણાવ્યું છે કે માધવે નંદને જ્ઞાન આપ્યું. પોતે પણ જ્ઞાન મેળવવા માગે છે. માયામયી પ્રકૃતિ સંસાર સાગર તરવા માટેની નૌકા છે અને શ્રીકૃષ્ણ કર્ણધાર છે ત્યારે ભગવાને યશોદાને કહ્યું કે જ્ઞાન યોગત્મક અને જ્ઞાન વિષય સંબધિત છે. પરંતુ ભક્તિ સંબધિત જ્ઞાન દાસ્ય ભક્તિ ઉત્પન્ન કરે છે.*

**ज्ञानयोगात्मकं मातर्ज्ञानं च विषयात्मकम् ।**

**ज्ञानं भकत्यात्मकं श्रेष्ठं मद्दास्यकारणं शुभम् ।।28**

*જ્ઞાન પાંચ પ્રકારનું છે પરંતુ, ત્યાં ભક્તિ સંબંધી જ્ઞાન સર્વથી શ્રેષ્ઠ છે. ભૂખ, તરસ વગેરે ઉપર વિજયમાંથી થાય છે. પોતાના અંતરનું શોધન થાય છે. નાડીનું શોધન ચક્રોનું ભેદન, કુંડલિની શક્તિની જાગૃતિ, ઈન્દ્રિયોનું દમન, લોભ વગેરેનું વર્ણન, મૂલાધાર, સ્વાધિષ્ઠાન, અનાહત, વિશુધ્ધ, આજ્ઞા એ છ ચક્રોનું ભેદન થાય છે. સજ્જનો એ પરમાત્માની ઈચ્છાથી જાણી શકે છે. જ્ઞાન મોક્ષાત્મક છે અને નિર્વાણનું કારણ છે. મુક્તિ માર્ગમાં આરૂઢ થવા માટે છે. 'ભક્ત્યાત્મક જ્ઞાન રાધા આપશે' નંદને જે જ્ઞાન આપ્યું તે તમને આપ્યું એમ કહીને શ્રીકૃષ્ણે યશોદાને રાધા પાસે મોકલી અને શ્રીકૃષ્ણનું ચિંતન કરતાં રાધાને યશોદા મળ્યા. નંદ પણ સામે હતા. યશોદાએ રાધાને જાગ્રત કરી ત્યારે યશોદાએ ઓળખાણ આપતાં કહ્યું કે 'હું યશોદા બુદ્ધિરૂપા છું અને શ્રીકૃષ્ણના કહેવાથી તમારી પાસે આવી છું ત્યારે પોતે અબળા હોવાનું કહી પોતાનું સ્વરૂપ યાદ કરાવી યશોદાને રાધાએ કહ્યું કે શ્રીકૃષ્ણ પ્રતિ પુત્ર બુદ્ધિ ત્યજી તેને બ્રહ્મરૂપને જાણો.*

**पुत्रबुद्धि परित्यज्य ब्रह्मरूपं निशामय ।।29**

*'તું નાશવંત બધું ત્યજી દે યમુના જળમાં ત્રિકાળ સ્નાન કરો. અષ્ટદલ પદમ્ કરી ચંદનથી લેપ બનાવી ગર્ગે આપેલા મંત્રથી જ્ઞાન ધરી તેમનું પૂજન કરવું. વૈષ્ણવો સાથે વાર્તાલાપ કરવો.' હરિ ભક્તિ વગરનાઓ માટે તો લોકોનો સંગ વિનાશ નું કામ કરે છે. ભક્તિ વગર બુદ્ધિ ભેદ થાય છે. અભક્તો સાથે વાર્તાલાપ ન કરવો. પોતાના પુત્રને ઈશ્વર જાણવો અને તેના અગિયાર નામોનો પાઠ કરવો.*

**राम नारायणानन्त मुकुन्द मधुसूदन ।।**

**कृष्ण केशव कंसारे हरे वैकुण्ठ वामन ।**

**इत्येकादश नामानि पठोद्वा पाठयेदिति ।।30**

*'रा' એટલે વિશ્વ અને म એટલે વિશ્વ. રામ વિશ્વના ઈશ્વર છે અને રમા સાથે આનંદ કરે છે. रा એટલે લક્ષ્મી અને म એટલે ઈશ્વર લક્ષ્મીપતિ છે. આમ, અહીં રામ નારાયણ મુકુંદ, કૃષ્ણ, કેશવ, કંસારિ વૈકુંઠ, અને વામન એ નામોના વ્યુત્પત્તિ કે નિર્વચનો આપી. અધ્યાત્મ નો નિર્દેશ કરે છે ભક્તોના કર્મોના નાશ કરવાને માટે પણ તે મધુસૂદન કહેવાયા છે. આમ, અગિયાર નામોના પાઠ હમેશાં ભક્તિ અને મુક્તિ આપનાર છે. હરિમાં નિશ્ચલ ભક્તિ આપે છે. યશોદાને રાધાએ આ સંબધે હરિ ભક્તિને વરદાન આપ્યું.*

**भवेद्भक्तिनिश्चला ते हरेर्दास्यं च दुलभम् ।**

**लभस्व मद्वरेणापि कथयामि सुनिर्णयम् ।।31**

*રાધા ધાત્રી, માતા અને મૂલપ્રકૃતિ છે અને શ્રીકૃષ્ણ પરમતત્વ છે. એ ઉપદેશ યશોદાને આપી પુત્રબુદ્ધિ ત્યજી અને પરમાત્મા બુદ્ધિ કેળવવાનો રાધાએ યશોદાને આગ્રહ કર્યો છે. કૃષ્ણ રાધાના શૃંગાર અને શ્રીકૃષ્ણ વ્રજવાસીઓને દર્શન એ પરમાત્મા દર્શન છે. આમ, બ્રહ્મવૈવર્ત પુરાણમાં રાધા માધવના ચરિત્ર દ્વારા હરિ ભક્તિ અને દાસ્ય ભક્તિનું મહત્વ પ્રસ્થાપિત કરવામાં આવ્યું છે. સાંખ્ય દર્શનના પ્રકૃતિ પુરુષનો સહયોગ અહીં રાધા માધવ સ્વરૂપ આલેખ્યો છે. રાધા સાંખ્ય ની પ્રકૃતિની માફક જડ નથી કે શ્રીકૃષ્ણ સાંખ્ય ના પુરુષ ની માફક ઉદાસીન નથી. સાંખ્યનાં અનેક પુરુષ અને બદલે અનેક શ્રીકૃષ્ણે પરમતત્વ*

તરીકે નિરૂપી આમ, રાધાને અંશકલા અંશાંશ કે કલાંશ તરીકે ઓળખવામાં આવ્યા છે. નારદે નારાયણને શ્રીકૃષ્ણજન્મખંડમાં ને પુનર્જન્મનો નાશ કરનારું બધા તત્ત્વોનું દીપક, કર્મોનો નાશ કરનારું, હરિભક્તિ આપનારું, વૈરાગ્ય ઉપન્ન કરનારું અને સંસારસાગર પાસ કરવાનું સાધન ગણાવ્યું છે. તેનાથી શ્રીકૃષ્ણની ભક્તિ પ્રાપ્ત થાય છે. આ શ્રીકૃષ્ણના જન્મ, લીલાઓ, રાધાનો ગોલોકવાસ અને પૃથ્વીનો ભાર હરનારી હરિ કથાનો વિસ્તારથી સાંભળવાની ઈચ્છા રાખી બ્રહ્માએ તેમને જ્ઞાન મેળવવા માટે નારાયણની પાસે મોકલ્યા હતા.[29] અને નારાયણે આ કથા શ્રીકૃષ્ણના જન્મ સંબધી કહી છે. બધા જીવો પ્રત્યે દયા માગે છે. અને બધું કૃષ્ણમય લાગે છે. મહાજ્ઞાની બની વૈષ્ણવ ભક્ત થાય છે.

**दयाऽस्ति सर्वजीवेषु सर्वं कृष्णमयं जगत् ।**

**यो जानाति महाज्ञानी स भक्तो वैष्णवो मतः ॥**[32]

શ્રીકૃષ્ણના ચરિત્રને આધ્યાત્મિક દષ્ટિએ વિચારતાં પરમતત્વ શ્રીકૃષ્ણ તેમની આલ્હાદિની શક્તિનું તત્ત્વચિંતન આગળ બતાવેલું છે પુરાણે धर्मनिर्णयः એ નિયમ પ્રમાણે પુરાણમાં ધર્મશાસ્ત્રીય ચર્ચા જોવા મળે છે. અને પુરાણોનો ઉપદેશ સમાજમાં લોકો સજ્જન બને. સ્ત્રીઓ સુશીલ અને સાધ્વી બને અને મહાશ્રીકૃષ્ણ તરફ લોકોની ભક્તિ વધે છે. તે બ્રહ્મવૈવર્ત પુરાણનો પરમ હેતુ રહેલો છે.[33]

**પાદટીપ**

(1) ब्र.वै.पु. અ. 2/3
(2) ब्र.वै.पु. અ. 5/6
(3) ब्र.वै.पु. 67/1
(4) ब्र.वै.पु. 67/7
(5) ब्र.वै.पु. 67/22
(6) ब्र.वै.पु. 67/44
(7) ब्र.वै.पु. 67/45
(8) ब्र.वै.पु. 67/46
(9) ब्र.वै.पु. 67/51
(10) ब्र.वै.पु. 67/52
(11) ब्र.वै.पु. 67/53
(12) ब्र.वै.पु. 67/54
(13) ब्र.वै.पु. 67/55
(14) ब्र.वै.पु. 67/55,56
(15) ब्र.वै.पु. 67/67
(16) ब्र.वै.पु. 67/67
(17) ब्र.वै.पु. 67/79
(18) ब्र.वै.पु. 68/2
(19) ब्र.वै.पु. 89/92
(20) ब्र.वै.पु. 95/25 થી 30
(21) ब्र.वै.पु. 96/10

Vol. 6, Issue: 4, April: 2018
(IJRSML) ISSN: 2321 - 2853

(22) ब्र.वै.पु. 96/23
(23) ब्र.वै.पु. 96/48
(24) ब्र.वै.पु. 97/21
(25) ब्र.वै.पु. 97/26
(26) ब्र.वै.पु. 97/40
(27) ब्र.वै.पु. 110/6
(28) ब्र.वै.पु. 111/6
(29) ब्र.वै.पु. 111/16,17 અને 18
(30) ब्र.वै.पु. 111/54
(31) ब्र.वै.पु. અ. 1/23
(32) ब्र.वै.पु. અ. 1/48
(33) ब्र.वै.पु. અ. 5/127